Letter No: TDD/0182/05/2023 Dt: 18-05-2023

અનુસુચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વિભાગીય વિશ્લેષણ સમિતિ,વડોદરામાં મંજૂર થયેલ મહેકમ વધારા અંગેની નવી બાબત.

ગુજરાતસરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :અજપ/૧૧૨૦૨૩/ન.બા.૧/ચ

સચિવાલય,ગાંધીનગર.

તારીખ: /૦૫/૨૦૨૩

<u>વંચાણે લીધા :-</u>

૧) આ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ

૨) આ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ

3) આ વિભાગનો તા.૨૬/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૮/ન.બા.૧/ચ

૪) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા.૩૦/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક:DOTD/DSC/e-file/242/2022/0691/Talim Sankalan

<u>આમુખ:</u>

રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે વંચાણે લીધા ક્રમાંક: (૧) પરના ઠરાવથી વડોદરા ખાતે વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના ઠરાવથી સુધારો કરવામાં આવેલ. આ ઉપરાંત, વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના ઠરાવથી વડોદરા ખાતે રચાયેલ વિભાગીય વિશ્લેષણ સમિતિના મંજૂર થયેલ મહેકમમાં વધારો કરવામાં આવ્યો હતો.

વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના પત્રથી વિભાગીય વિશ્લેષણ સમિતિઓમાં મહેકમ સંદર્ભે એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી વડોદરા ખાતે રચાયેલ વિભાગીય વિશ્લેષણ સમિતિ માટે મહેકમ વધારવા બાબતે નિયામકશ્રી, આદિજાતિ વિકાસએ દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે, શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે વડોદરા ખાતે રચાયેલ વિભાગીય વિશ્લેષણ સમિતિના મહેકમમાં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો વધારો કરવા માટે રૂ.૧૫.૯૪ લાખની નવી બાબતને આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ નંબર | હોદો | સંવર્ગ | સૂચિત જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા માટે અધિકારી વર્ગના ખૂટતા સભ્યોનું સૂચિત મહેકમ | | | |
| ૧ | આદિજાતિ વિકાસ અધિકારી | વર્ગ-૨ | ૦૧ |
| ૨ | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી | વર્ગ-3 | ૦૧ |
| વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા માટે અન્ય સ્ટાફ માટે ખુટતુ સુચિત મહેકમ | | | |
| ૪ | ડ્રાયવર | વર્ગ-3 (આઉટસોર્સથી) | ૦૧ |
| ૫ | પટાવાળા | વર્ગ-૪ | ૦૩ |

Signature valid
Signed by:Aditya Desai
Section Officer
Date: 2023.05.18
18:22:36 +05:30

| | | | |
|---|---|---|---|
| | | (આઉટસોર્સથી) | |

શરતો:-

(૧) વિશ્લેષણ સમિતિએ નામ.સુપ્રિમકોર્ટ દ્વારા કુ.માધુરી પાટીલ વિ. એડીશનલ કમિશનર, મહારાષ્ટ્રાના કેસમાં દર્શાવેલ ગાઇડલાઇન અનુસાર નિયત સમયમર્યાદામાં કામગીરી બજાવવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે-તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ જળવાઇ તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૩) આ જગ્યાઓ પર નિમણૂક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૫) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિ/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટરની કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતો હોવા જોઇએ.

(૧૭) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૮) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

[redacted]

No: TDD/0182/05/2023 Dt: 18-05-2023

આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો:-

(૧) ડ્રાયવરની ૦૧(એક) જગ્યાની સેવાઓ માસિક રૂ.૧૪,૦૦૦/- ફિક્સ વેતન અને પટાવાળાની ૦૩(ત્રણ) જગ્યાની સેવાઓ માસિક રૂ.૧૨,૦૦૦/- ફિક્સ વેતનથી આઉટસોર્સથી મેળવવાની રહેશે.

(૨) આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્વાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇ પણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૩) આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીગ એજન્સી મારફત મેનપાવર લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ-મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય-પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૦૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીગથી કરાવવાની રહેશે.

(૬) વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

(૭) એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

(૮) મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૯) આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૧૦) આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩, મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચીત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર: ૧૦-VKY-૫૩ તમામ સ્તરે વહીવટી તંત્રને મજબૂત બનાવવું (અનુ.જનજાતિના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વડોદરા ખાતે વિભાગીય વિશ્લેષણ સમિતિના મહેકમમાં વધારો કરવા બાબત) બાબત થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આદિત્ય આર. દેસાઇ)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

Signature valid
Signed by:Aditya Desai
Section Officer
Date: 2023.05.18
18:22:36 +05:30

File No: TDD/WRT/e-file/25/2022/2928/CH Section
Approved By: R H VASAVA(JS,CH Section,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: TDD/0182/05/2023 Dt: 18-05-2023

- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા, મદદનીશ કમિશનરશ્રીની કચેરી, કુબેર ભવન, રૂમ નં.૭૨૮, કોઠી, વડોદરા.
- તિજોરી અધિકારીશ્રી, વડોદરા.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.

Signature valid
Signed by: Aditya Desai
Section Officer
Date: 2023.05.18
18:22:36 +05:30

File No: TDD/WRT/e-file/25/2022/2928/CH Section
Approved By: R H VASAVA(JS,CH Section,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*